સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

હજુ એ જ મોજશોખ-ગુલતાન દાટે છે,
તેથી જ જેલમાં બેઠાં બેઠાં કાંટા કાટે છે,
પાટે પાપ દુર્ગતિમાં, બુદ્ધિ-ભ્રષ્ટ 'બાપુ'ને -
જાણ ભેદુ અને સાક્ષીઓનાં માથાં વાટે છે.

હાઈકુ

વિજય મોજું!!
'બોગસ મતદારો'
રહસ્ય છત્તુ..
(દિલ્હી મતદાર યાદી)

ઉડ્યાં પરત -
આશા અપેક્ષા ચણી -
પ્રવાસી પંખી..
(પ્રવાસી દિન)

ચિંતન

અર્થાતુ રાણાં ન ગુરુર્ન બંધુઃ, કામાતુ રાણાં ન ભયં ન લજ્જા ।
વિદ્યાતુરાણાં ન સુખં ન નિદ્રા ક્ષુધા તુરાણાં ન રૂમિર્ન વેલા ॥

પૈસાના ભુખ્યાઓને કોઇ પૂજ્ય, વડીલ કે ગુરુજન (સગાં-સંબંધી), બંધુ જન હોતું નથી માત્ર પૈસો જ મારો પરમેશ્વર એ એક જ નાતો હોય છે.

કામાતુર-વાસનાનો આદિ-વ્યસની ને લય કે લજ્જા જેવી કોઇ વાત નડતી નથી. એ નિર્લજ જ હોય છે.

.. અને વિદ્યાની જેને હૃદયપૂર્વક ઉત્કંઠા તેને વિદ્યા સિવાય બીજી કોઇ બાબતમાં સુખ દેખાતું જ નથી.

ભૂખથી પીડાતાં જનોને નથી સ્વાદની પડી હોતી કે નથી ભોજન કાળની, અર્થાત અત્યારે ખાવાનો સમય છે કે નહીં તે પણ જોવા રહેતા નથી (ભૂખ ન જાણે ટાઢો ભાત)

જર-જમીનને કારણે આજકાલ કુટંબીજનોમાં જ દગાબાજી-ખૂનાખરાબા થાય છે કળિયુગમાં 'પૈસા' ને કારણે કોઇ સંબંધ જોવાતા નથી.

આજકાલ 'દુષ્કર્મો' ના બનાવો વધ્યા છે. વાસનામય વાતાવરણની અસર અને મર્યાદાવિહીન પહેરવેશ ટીવી/ફિલ્મો પણ કારણરૂપ છે પરિણામે સમાજમાં નિર્લજતા વ્યાપ્ત છે.

'ભૂખ'માં કોઇ પણ કૃત્ય પાપ કહેવાતું નથી ભૂખને ભૂંડી કહેવામાં આવી છે. 'વિદ્યા'માં જ સર્વ સાચું સુખ છે.

સુવિચાર

- છત ઉપરથી છલાંગ મારીયે તો પછી જમીન પર આવવા માટે આપણે કંઇ કરવું પડતું નથી બાકીનું કામ ધરતી પોતે જ કરે છે એમ અહંકારની છત છોડી દીધા પછી ઇશ્વર સુધી નથી પહોંચાતું, પણ ઇશ્વરમાં જ પહોંચાય છે - જનકલ્યાણ
- બુદ્ધિશાળી માણસ આદરણીય છે પણ 'બુદ્ધિખોર' માણસથી દૂર રહેવું સારું, એવી જ રીતે શ્રદ્ધાળુ માણસ આદરણીય છે, પણ 'શ્રદ્ધાખોર' માણસ ધર્મને બદનામ કરે છે- ડો. ગુણવંત શાહ
- મનનું રોકાણ નિરાશામાં કરવા કરતાં આશામાં કરવું વધુ શાણપણ ભર્યું છે- એસ. ભટ્ટાચાર્ય
- બનવું હતું 'માઇલસ્ટોન' પણ 'તકતી' થઇ દાતાની ભીંત પર જડાઇ જવું પડ્યું- ઉમેશ જોષી
- ઘરડા થવાની ઉંમર હું આજે છું એના પંદર વર્ષ પછીની જ હોય છે - રોહિત શાહ
- પારકી પંચાતથી દૂર રહીને નિર્જનદમાં મસ્ત રહેનારા દાદાઓ ને ખાલીપો પજવતો નથી અને ઘરના ને પણ એમની હાજરી ખટકતી નથી - ડો. મુકુન્દ મહેતા
- પગલા સ્વસ્થ અને મક્કમ પડવા જોઇએ માણસ સીધી લીટીમાં ના ચાલતો હોય એના મનની ગતિ પણ વાંકી ચૂંકી હોય એવું માની શકાય - માનસસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સંસારી જીવો માટે 'કર્મયોગ' શ્રેષ્ઠ છે. ઘરમાં રહી કર્તવ્યનિષ્ઠાથી નિર્લેપ રહી, અલિપ્ત રીતે-માયાના વમળમાં ફસાયા વિના કુટુંબીજનોની સેવાથી કરી સમાજના નાનામાં નાના વ્યક્તિની સેવા થઇ શકે. એ જ કર્મયોગ. બાકી ઘરછોડી, નવો મોટો આશ્રમ સ્થાપી, સમાજ પર ભારરૂપ થઇ માત્ર બીજાને ઉપદેશ આપી ધ્યાન-તપ કરવામાં કોઇ પુણ્ય નથી ઇશ્વર એની નોંધ પણ લેતો નથી.

એક મહાત્મા મૃત્યુ પામ્યા; એના 'જીવ' ને વિશ્વાસ હતો કે આપણો મોટો આશ્રમ-ગૌશાળા-દવાખાનાં-નિશાળો હતી અને વ્યાખ્યાનથી કેટલાય 'આત્મા'નો ઉદ્ધાર પણ કર્યો હશે. એટલે 'વટભેર' ચિત્રગુપ્તના દરબારમાં આવી ઊભા.

ચિત્રગુપ્ત કહે - મા'રાજ ઊભા રહો. કોમ્પ્યુટરમાં તમારો હિસાબ જોઇ લઉં. પાપ-પુણ્યનું પત્રક જોવું પડશે.

મહારાજ કહે - એમાં કોમ્પ્યુ. ખોલવાની જરૂર જ નથી મેં સંસાર ત્યાગ કર્યો પછી 'આશ્રમ' સ્થાપી પુણ્ય જ કર્યું છે છતાં તમારા સંતોષ ખાતર જોઇ લ્યો!

ચિત્રગુપ્તે - કોમ્પ્યુ. જોઇ ખૂબ આશ્ચર્ય થયું. કપાળે કરચલી પડી ભમરો ઊંચી ચડી ગઇ!

મહારાજ સમજી ગયા - પૂછ્યું શું થયું, દેવ? કોઇ બીજાનું ખાતું નથી ખૂલ્યું ને!

ચિત્રગુપ્ત કહે છે તો તમારું જ પણ તમે સંસારમાં હતા ત્યારે જે કર્તવ્યનિષ્ઠાથી ફરજો બજાવી એટલું જ પુણ્ય જમા છે, બાકી આશ્રમ સ્થાપિત, છળકપટથી મિલ્કતો ઊભી કરી એનાં પાપોની જ નોંધ છે. બોલો પહેલાં ક્યાં જવું છે? સ્વર્ગમાં તો એકાદ વર્ષ જ રહેવાનું થશે. પછી નર્ક જ નર્ક છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

મકરસંક્રાતિનું મનોબળ...!! મીઠાં ગોળમાં મળી ગયાં તલ...!!

સહેજ ભીની સહેજ કોરી હોય છે, લાગણી તો ચંચળ લપસણી દોરી હોય છે
રંગીન પતંગો હોય છે બધાની પાસે, બહુ ઓછા પાસે સ્નેહની દોરી હોય છે

એ કાપયો છે... ઓય ઢીલ આપ... અરે ભાઇ એમ અમારી દોરીની ઝુલ ન લૂંટો... આકાશ રંગબેરંગી પતંગોથી લહેરાયું હતું, ઠેકઠેકાણેથી એ કાટ્ટાની ચિચિયારીઓ આવતી હતી... ધમાલના ગીતો સાથે ધાબા ધમાચકડી બોલાવતા હતા... અંજુબેન એમની બંને દીકરીઓ સાથે ધાબા ઉતરાણનો આનંદ લૂંટતા હતા... એમને દૂરબીન હાથમાં લીધું અને આકાશનો નજારો જોતાં હતાં ત્યાં એમને દૂરના ધાબા પર તલસાંકળી ખાતા શ્વેતાબેન પર નજર પડી અને એમને પોતાના તલસાંકળી, મમરાના લાડુ, રેવડીના વ્યવસાયની વાતો અને પ્રસંગ નજર સમક્ષ ફરવા લાગ્યો...

અંજુબેનનું ગામ રાજકોટ, રાજકોટ એટલે ખાણીપીણી અને ટેસ્ટફુલ સ્વાદના ચટાકાનું ગામ. અઢાર વર્ષ પૂરાં થતાં તો અંજુબેનના લગ્ન થઇ ગયાં. એમના પતિ ઑટોમોબાઇલની કંપનીમાં ઓપરેટર તરીકે કામ કરતા હતા... એમના લગ્ન બાદની પ્રથમ જ ઉતરાણ હતી. રાજકોટમાં જ એમનું સાસરું એટલે આનંદ અનેરો. એમણે આગલા દિવસે જ સરસ મજાના શાકભાજી વીણી-સાફ કરી તૈયાર રાખેલાં. એમણે ઊંધીયું બનાવ્યું. બપોરના જમણણાં ચટાકેદાર ઉંધીયું સૌને દાઢે વળગ્યું અને સંયુક્ત પરિવારમાં અંજુબેનનું ઉંધીયું એવું વખણાયું કે શેરીમાં એની ચર્ચા થવાં લાગી...

ધાબા પર પતંગ કાપાકાપીનો સંગ્રામ ચાલતો હતો. રંગબેરંગી પતંગોની લૂંટ-સહેલ અને દેકારા વચ્ચે ઉત્તરાણ જામી હતી. ચાર વાગ્યાની આસપાસ પવન પડી ગયો... આમેય ધાબે હોય અને નવરા પડે એટલે કંઇક ખાવા જોઇએ... ધાબા પર તલસાંકળી અને સિંગદાણા - ડાળીયાની ચિક્કી, માવા-બદામ જેવી આઠેક વેરાયટી હાજર હતી... અને આ બધી વેરાયટીની ચિક્કી પણ અંજુબેને બનાવી હતી એ પણ એટલી જ વખણાઇ... અંજુબેનની ખુશીનો પાર નહોતો. એમનાં પતિ પણ સુંદર રસોઇ અને વાગની બનાવતી ખુશખુશાલ પત્ની મળવાથી પતંગને બે ઠુમકા વધારે મારી પતંગ ચગાવવાની કોશીશ કરતાં હતાં...

લગ્ન જીવનનો શરૂઆતનો તબક્કો ભરપવનમાં લહેરાતાં પતંગની જેમ મસ્તીથી ઝુમતો હતો... સમયના પવનને પલટાતાં કયાં વાર લાગે છે. ઘરમાં દિશા અને દેવાંગી નામની બબ્બે દીકરીઅએ ત્રણ વર્ષના અંતરે અવતરી ચૂંકી. સંસારની પતંગની કિન્યા વ્યવસ્થિત બંધાયેલી હતી... કન્યાઓ ફટાફટ મોટી થવા લાગી... અંજુબેનના પતિનું પ્રમોશન થઇ ગાંધીનગર બદલી થઇ વધુ પગાર મેળવતાં થયેલા... આ વર્ષે ઉતરાણે ફરી બધાં ધાબે ચઢ્યાં અને એજ ચટાકેદાર ઉંધીયું અને ચિક્કીની મજા માણી, પણ સાંજે અચાનક એમનો પતંગ ગોથું ખાઇ ગયો... રાતે ટુક્કલ ચઢાવતાં એટલામાં પતિની કંપની બંધ થઇ ગઇ છે, અને એમની નોકરી ગઇ એવા સમાચારે એમનો ભર પવને પતંગ કપાયા જેવી હાલત થઇ!!

પતિની નોકરી ગઇ, અંજુબેન બહુ ભણેલા નહીં, સિવણનું કામ કરતાં હતા. પણ એમાં કેટલી આવક થાય? થોડા દિવસ બંને પતિ-પત્ની ગડમથલમા હતા. શું કરીશું? કેમ નિર્વાહ થશે...? અંજુબેન એક સાંજે શાકમાર્કેટ ગયા, ત્યાં એને એક જુની બહેનપણી મળી. એને જોડીયા તરત જ હા પાડી અને એમનાં લાઇફમાં એક ટર્નિંગ પોઇન્ટ આવી ગયો... એની બહેનપણીની બાજુમાં રહેતા જોષીના પત્ની ડિલીવરી માટે પિયર ગયેલાં એમના ઘરની રસોઇનું કામ મળી ગયું... એમનાં હાથમાં એવો જાદુ હતો કે સ્વાદ બધાંને પસંદ પડી ગયો. એમની તકલીફો તારમાં ફસાયેલો પતંગ જેમ ઠુમકા મારી બહાર કાઢે એમ નીકળી સલામત ઉડવા લાગ્યો...

અંજુબેનની રસોઇના વખાણ થવા લાગ્યા, અને બીજા કામ મળવા લાગ્યા. હવે એમને ઘરે જ રસોઇ બનાવી ટીફીન સર્વિસ ચાલુ કરી. એ દેખાવડાં હતા. દીકરીઓ હતી એટલે સેફિટના હેતુથી ઘરે જવાનું બંધ કરી ઘરેથી જ ટિફીન સર્વિસ ચાલુ કરી... પતિને એક ઓફિસમાં ડ્રાઇવરની નોકરી મળી ગઇ, હવે એમની ગાડી ફરી પાછે પાટે ચઢી ગઇ... અંજુબેન સવારે વહેલા ઊઠી શાકભાજી સમારી, રસોઇમાં લાગી જતાં અને નવનાં ટકોરે તો રોટલી - દાળ-શાક-ચટણી-પાપડ સાથે ટિફીન તૈયાર હોય... એમના ફુલકા તો બધાંને બહુ ભાવે... સવારનું બધું પરવારે અને બપોરે ફરી સિવણકામ કરવા લાગી જાય... કામ ખુબ પહોંચતું પણ દીકરીઓનું શિક્ષણ અને લગ્ન સામાં દેખાતા થાક ગાયબ થઇ જતો...

આજે ઉતરાણ હતી, અંજુબેને ટીફીન સર્વિસ માટે ઉંધીયુ બનાવ્યું અને સાથે તલસાંકળી અને સિંગદાણાની ચિક્કી મુકી... એમની સાથે જ એમના ટીફીનનો સ્વાદ લેનારા સૌની ઉતરાણ સુધરી ગઇ. બીજે દિવસે સવારે એક આધેડ વયના બેન આવ્યા. એમને પૂછ્યું કે ચિક્કી કયાંથી લાવ્યાં હતાં? અંજુબેને કહ્યું કે એમણે જાતે જ બનાવી છે... અને બસ પછી તો એ બહેને એમને એક સાથે ૨૦ કિલોનો ઓર્ડર આપ્યો... અને પછી તો અંજુબેન ચિક્કી બનાવે પેલા બહેન એના વેચાણનું કામ કરે, એમની ચિક્કી અમેરિકા પહોંચતી થઇ અને આમની આવક પણ હજાર વારની દોરીથી પાંચ હજાર વારની ફિરકી જેમ વધારે રૂપિયા લપેટતી થઇ...

ઉતરાણની સિઝન આવે ત્યારે બધા કામો પડતાં મુકી અંજુબેન ચિક્કી બનાવે અને એ બધાને અતિ પસંદ પણ પડે... એમના ઘરે ફ્રોક સિવડાવવા આવતાં એક બહેને એમની ત્રણ વર્ષની બેબીને સાચવશે? કહેતા એ પણ સહર્ષ સ્વીકાર્યું, અને વળી એક કામ કરવાનો નવો માર્ગ મળ્યો... ટીફીન, સિવણ, ચિકીની સાથે બાળક સાચવવા જેવાં વિવિધ રંગના પતંગ જેવા વિવિધ વ્યવસાય એકદમ હસતેં મોંઢે એમણે સ્વીકાર્યા... એમની આ મહેનત રંગ લાવી અને એમની દીકરીઓને ગાંધીનગરની નામાંકીત સ્કૂલમાં પ્રવેશ મળી ગયો...

અંજુબેનને તલસાંકળી, ચિક્કી, રેવડી, મમરાના લાડુ, રાજગરાના લાડુ જેવા પદાર્થોમાં એવી તો નામના મળી કે એમણે પછી ટિફીન સર્વિસનું કામ બંધ કરી દીધું... સિવણ એ એમનાં સંઘર્ષ સમયનો સાથી હતો એટલે ઇચ્છા પડે તો ફૉલ - ઇન્ટરલૉક કે કયારેક કોઇ બાળકીનો ફ્રોક સીવી આપે છે... એમની દીકરીઓની સાથે બીજા બાળકો સચવાય છે એટલે બે-ચાર બાળકો સાચવે છે, આ સાલ એમને નવી અલ્ટો ગાડી બુક કરાવી છે જે કમુરતા ઉતરતા ઘરે આવવાની છે... ગાંધીનગરના નવા વિકસતા વિસ્તારમાં એક ફલેટ બુક કરાવ્યો છે, અને આ બધું જ એમના ચિક્કીના વ્યવસાયથી જ શક્ય બન્યું છે...

આજે ઉતરાણ છે અંજુબેન એમની બંને દીકરીઓ સાથે ધાબે બેઠા છે અને આ આખીય ઘટના એમના મન પરથી રિવાઇન્ડ થઇ ગઇ... આકાશ પતંગોથી ઘેરાયેલું છે પણ એમનાં આંખમાં અશ્રુને કારણે એમને આકાશમાં પતંગોની જગ્યાએ રંગીન મોર્ડન આર્ટ દેખાય છે... ઉત્તરાણના આટલા કોલાહલમાં પણ એ મકરસંક્રાતિએ એમના પોતાના જ મજબુત મનોબળથી આટલી ઊંચાઇ પ્રાપ્ત કર્યાનો ગર્વ અનુભવે છે... પોતાના જેવી પરિસ્થિતિ જો દીકરીઓ પર આવે તો એમને તકલીફ ન પડે માટે એ એમને ખુબ ભણાવવા માગે છે...

એટલામાં એની નાની દીકરી દોરીનું ગૂંચલું લઇને આવી અને બોલી મમ્મી ઉકેલી આપોને... જીવનની આટલી ગૂંચવાયેલી પરિસ્થિતિમાંથી બહાર નીકળનારા અંજુબેન માટે આવી ગુંચ ઉકેલવી તો ડાબા હાથનો ખેલ છે... અંજુબેનના આડોશી-પાડોશી એમના ટેસ્ટફુલ ઉંધીયા અને ચિક્કી માટે બુમો પાડતાં હતા અને અંજુબેન એજ ખુશીથી બધાંને ખવડાવવા તત્પર હતા. જેટલી ખુશીથી એમને લગ્નબાદ પ્રથમવાર સાસરીમાં બધું બનાવ્યું હતું... એટલામાં એમનું મનપસંદ ગીત વિવિધભારતી પરથી રેલાયું... ચલી ચલી રે પતંગ મેરી ચલી રે...

ચૂંટલો :

સંસારના પવનમાં પતંગ તો ઉપર નીચે થયા કરે, આપણે તો એને કાબુમાં રાખી, સંસારની ગૂંચ ઉકેલી ઉડતો રાખવાનો છે, કુનેહથી જો પતંગ ચગાવી જાણીએ તો 'મીઠા ગોળમાં મળી ગયા તલ' જેવી તલસાંકળીથી મકરસંક્રાતિ મધુરી બને.

વિવેકને ખૂબ બેચેની લાગી, તેને ઇચ્છા થઇ કે પેલી સ્ત્રીને રોકીને તેના ખોવાયેલા પૈસા પાછા આપી દે, પણ કોણ જાણે કેમ ઇચ્છતો હોવા છતાં પણ એ એવું કરી ન શક્યો

નવાં કલેવર
- નટવર હેડાઉ

'મમ્મી મને પૈસા આપને'

'કેમ, પૈસાનું શું કરવું છે?'

'ઉપર જો, આકાશમાં જાણે કે રંગબેરંગી પતંગીયા ઊડી રહ્યાં છે. કૃણાલ, તુષાર, શનુ અને બબલુ બધા પતંગ ઉડાડે છે. મારે પણ પતંગ લાવવી છે.' કહેતાં વિવેક હમણાં જેવી આંખે મમ્મી સામે જોઇ રહ્યો.

'પતંગ સિવાય બીજી કોઇ રમત નથી!' તને ખબર છે હમણાં થોડા દિવસ પહેલાં જ વિનાયક કાકાનો દીકરો વિભૂત પતંગ ઉડાડતાં ઉડાડતાં છાપરા પરથી નીચે પડી ગયેલો. એ તો સારું થયું કે તેના હાથ પગમાં જ થોડું જ વાગ્યું બાકી...

'પણ હું તો નીચે જ ઉડાડીશ' વિવેકે ચોખવટ કરી.

મમ્મી એ ફરી તેની વાત કાપી નાંખી. 'નીચે પણ રસ્તો છે. તેના પર ટ્રક, લારીઓ અને સ્કૂટર અને મોટર સાઇકલોની અવરજવર રહે છે. પતંગ ઉડાડતાં કોઇ સાથે ભટકાઇ જઇશ તો?'

મમ્મીની વાત સાંભળીને એ કંઇ બોલ્યો નહીં. ઉદાસ ચહેરે એ બહાર જતો હતો. ત્યાં પાછળથી મમ્મીનો અવાજ સંભળાયો. બેટા મારું માથું દુઃખે છે. જરાં ભરત કાકાની દુકાનેથી વિક્સની ડબ્બી લાવી આપ.

મમ્મીની વાત સાંભળીને વિવેક ભારત મેડિકલ સ્ટોર તરફ ચાલી નીકળ્યો. તે મનમાં ને મનમાં સુંદર પતંગોની કલ્પના કરતો કરતો જતો હતો ત્યાં અચાનક થંભી ગયો.

રસ્તાની ધૂળમાં બેવડો વળેલો કાગળનો ટૂકડો તેણે જોયો. વિવેકે ઘડીભર વિચાર કર્યો. પછી આમ તેમ જોઇ ધીમેથી તેને ઉપાડી લીધો. જોઇને તેના હૃદયના ધબકારા વધી ગયા. તેણે એ ખોલીને જોયું તો સોની નોટ હતી.

તેણે ઝટ દઇને સોની નોટને પેન્ટમાં ખિસ્સામાં સંતાડી દીધી. અને ઝડપથી ચાલવા લાગ્યો. તેનું મગજ પણ હવે ઝડપથી ચાલવા લાગ્યું. પચાસ રૂપિયાની માંજો ભરેલી ફીરકી, ત્રીસ રૂપિયાના ત્રણ પતંગો અને વીસ રૂપિયાના નાસ્તો! રંગબેરંગી પતંગોની દુકાન તેની નજર સામે દેખાવા લાગી. વિચારમાં ડુબેલો એ મોટી ડાફો ભરતો ઝડપથી ચાલવા લાગ્યો.

ભારત મેડિકલ સ્ટોરની પહેલાં ઝવેરચંદની કરિયાણાની દુકાન આવતી હતી. ત્યાં લોકોનું ટોળું ભેગું થયેલું હતું. ઝવેરચંદ જોર જોરથી કંઇક બોલતો હતો. શું થયું છે એ જાણવા વિવેક પણ એ તરફ ગયો.

તેણે જોયું કે એક સ્ત્રી ઝવેરચંદ સામે આજીજી કરી રહી છે. 'ભાઇ હું કંઇ બહારની નથી. મારું નામ અનસુયા છે. અહીં મોટા નાળા પાસે ઝુંપડામાં હું રહું છું. મારાં છોકરા બે દિવસથી ભૂખ્યાં છે. આજ જેમ તેમ કરીને સો રૂપિયાની સગવડ કરેલી. એમ હતું કે અનાજ લાવીને ભુખ્યાં છોકરાઓને રોટલી ખવડાવીશ. પણ મારું નસીબ ફૂટેલું કે એ રસ્તામાં ક્યાંક પડી ગયા. મને બાજરો ઉધાર આપો. મહેનત મજુરી કરીને તમારા પૈસા ચુકવી દઇશ. જો અનાજ નહીં મળે તો મારાં છોકરા ભૂખે મરી જશે.' કહેતાં કહેતાં એ રોઇ પડી.

ભીડમાં ઊભેલા વિવેકની નજર જમીનમાં ખોડાઇ ગઇ. તેને ખબર પડી કે જે સો રૂપિયાની નોટ તેને રસ્તા પરથી મળી છે એ આ સ્ત્રીની છે. જેનાં છોકરા બે દિવસથી ભૂખ્યા છે. વિવેકને ખુલ ગ્લાનિનો અનુભવ થયો. તેને એમ થયું કે તેનાથી કોઇ મોટો ગુનો થઇ ગયો છે. છતાં એ નક્કી ન કરી શક્યો કે શું કરવું ને શું ન કરવું. તે ચુપચાપ ત્યાંથી ચાલવા લાગ્યો.

તેના મનમાં અસંમજય થઇ. એક બાજુ પેલી સ્ત્રીનાં ભૂખ્યા બાળકો અને બીજી તરફ પોતાની ખુશી. પતંગ, માંજો અને નાસ્તો. બસ મજા જ મજા એમ વિચારતાં તેનો હાથ પેન્ટના ખિસ્સા તરફ વળ્યો. ખિસ્સામાં નોટ સુરક્ષિત પડી હતી. એ સ્ત્રીનો હૃદયદ્રાવક આર્તનાદ હજુ તેના કાનમાં ગુંજતો હતો. 'અનાજ નહીં મળે તો મારાં છોકરા ભૂંખે મરી જશે.'

ચાલતાં ચાલતાં મેડિકલ સ્ટોર આવી ગયો. તેણે વિક્સની ડબ્બી લીધી અને પાછો વળ્યો. ઝવેરચંદ પૈસા વિના અનાજ આપવાની ના પાડી દીધી હતી. તેથી પેલી સ્ત્રી સાડીના પાલવ વડે આંખો લુંછતી ખાલી હાથે પાછી જઇ રહી હતી.

વિવેકને ખૂબ બેચેની લાગી. તેને ઇચ્છા થઇ કે પેલી સ્ત્રીને રોકીને તેના ખોવાયેલા પૈસા પાછા આપી દે. પણ કોણ જાણે કેમ ઇચ્છતો હોવા છતાં પણ એ એવું કરી ન શક્યો.

ઘેર જઇને ખુબ પ્રેમપૂર્વક તેને તેની મમ્મીને કપાળે તેના નાના નાના હાથ વડે વિક્સ લગાવી આપી. પછી ચુપચાપ પોતાની સ્કૂલબેગ ખાલી કરી ચાલી નીકળ્યો... અને ઝવેરચંદની દુકાને પહોંચ્યો. તેણે સો રૂપિયાનું અનાજ જોખાવ્યું અને થેલો લટકાવી મોટા નાળા તરફના રસ્તે આગળ વધ્યો.

તેને ઝૂંપડું શોધવામાં બહુ મહેનત કરવી ન પડી. ઝૂંપડીની બહાર ઉદાસ ચહેરે પેલી સ્ત્રી બેઠી હતી. તેની આંખોમાં એ સમયે પણ આંસુ હતા. વિવેકે તેની નજીક જઇને તેને બધી વાત કરી. પહેલાં તો તેને વિશ્વાસ ન પડ્યો. પરંતુ જયારે વિવેકે સ્કૂલ બેગના થેલામાં ભરેલું અનાજ તેની સામે ઢગલો કર્યું તો તેની ખુશીનો પાર ન રહ્યો.

તે સ્ત્રી વિવેકને બળપૂર્વક પકડી તેના કપાળે ચુંબન કરી આશીર્વાદ આપવા લાગી. ઘરની અંદરથી બે દુબળાં પાતળાં બાળકો બહાર આવી વિવેકની તરફ જોવા લાગ્યા. વિવેકે તેમને એક એક ચોકલેટ આપી જે આવતી વખતે તે લઇને આવ્યો હતો.

દફ્તરનો થેલો ખાલી કરી અને લાખેણા આશીર્વાદ લઇ એ પાછો ફર્યો ત્યારે એકદમ ખુશ હતો.

ઘેર આવીને તેમે જોયું. આકાશમાં રંગબેરંગી પતંગો ઊંચે ઊડતી ને ગુલાંટો મારતી દેખાતી હતી. પરંતુ તેના મનની પતંગ એ બધાંથી ઊંચી ઊડી રહી હતી. અને તેના રંગો એ વિવેકને ખુશખુશાલ કરી દીધો હતો.

- vanvihari@gmail.com

મેરેજ ફંડા : ફિલિંગ્સના બેક-સ્ટેજમાં ઓનરશિપ

ગુલમહોર
- દિનેશ દેસાઇ

નેધરલેન્ડના ડચ ચિત્રકાર રેમ્બ્રાં(૧૬૦૬-૧૬૬૯) એ કહેલું કે - સ્ત્રી ખુદ કળા અને સૌંદર્યનું જીવંત દૃષ્ટાન્ત છે. સ્ત્રીની હંમેશા કદર જ કરવી જોઇએ. ભલે એ કોઇ પણ સંબંધ અને કોઇ પણ સ્વરુપમાં હોય. સ્ત્રી મા, હોય, બહેન હોય, પ્રેયસી અને પત્ની હોય કે દીકરી હોય અથવા કોઇ પણ સંબંધ હોય. પૃથ્વી ઉપર ઈશ્વરનું જીવંત સ્વરુપ એટલે સ્ત્રી.

ઋગ્વેદના સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે 'ભોજનેસુ માતા, શયનેસુ રંભા, સેવેસુ દાસી, કામેસુ મંત્રી'. દરેક સ્ત્રી જુદા જુદા સમયે જુદી જુદી ભુમિકા નિભાવીને પોતાનું ધ્યાન રાખવાનું વિસરી જઇને પણ ઘર-પરિવારની પ્રાથમિકતાઓને જ પ્રાયોરિટી આપે છે. એકવીસમી સદીમાં છેક સને ૨૦૦૩માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ તરફથી આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ મનાવવામાં આવ્યું અને પ્રતિ વર્ષ વિશ્વ મહિલા દિવસ પણ મનાવાય છે. આજની નારી નોકરી-વ્યવસાય કરીને ઘરમાં પિતા-પતિ-પુત્ર-પુરુષવર્ગને આર્થિક સહયોગ પણ આપે છે. આવી દરેક નારીએ સ્વયંને એક સવાલ પુછવા જેવો છે કે - શું તે પોતે ઘર-પરિવાર માટે નાણાં કમાઈ આપીને મદદરુપ થવાનું મશીન તો નથી ને?

સ્ત્રીના જન્મથી લઈને જીવનના સરેરાશ વીસ-વીસ વર્ષના ત્રણ તબક્કા ગણીએ તો પહેલા તબક્કામાં પિતા, બીજા તબક્કામાં પતિ અને ત્રીજા તબક્કામાં પુત્ર (જો હોય તો) પ્રેમ, લાગણી અને સંભાળના આવરણ નીચે મોટા ભાગના કિસ્સાઓમાં માલિકથી કમ વર્તાવ કરતા નથી.

આપણે સરેરાશ આયુ ૬૦ વર્ષ ગણીએ તો સામાન્ય રીતે દરેક સ્ત્રીના જીવનમાં વીસ-વીસ વર્ષની સરેરાશના ત્રણ તબક્કા જોવા મળે. પહેલો તબક્કો જન્મથી લઈને યુવાવય અને લગ્ન પૂર્વનો ગાળો. બીજો તબક્કો લગ્નથી શરુ કરીને સરેરાશ વીસ વર્ષ તથા ત્રીજો તબક્કો ચાળીસ અથવા એ પછીથી લઈને મૃત્યુ સુધીનો ગાળો. પહેલા તબક્કામાં પિતાની છત્રછાયા, બીજા તબક્કામાં પતિની છત્રછાયા અને ત્રીજા તબક્કામાં દીકરાની છત્રછાયા. મોટા ભાગના કિસ્સામાં છત્રછાયાના બદલે પુરુષનું માલિકીપણું કહીએ તો યોગ્ય જ ગણાશે. વાત ફિલિંગ્સના બેક-સ્ટેજમાં ઓનરશીપની છે.

સ્ત્રીના જન્મથી લઇને જીવનના સરેરાશ વીસ-વીસ વર્ષના ત્રણ તબક્કા ગણીએ તો પહેલા તબક્કામાં પિતા, બીજા તબક્કામાં પતિ અને ત્રીજા તબક્કામાં પુત્ર (જો હોય તો) પ્રેમ, લાગણી અને સંભાળના આવરણ નીચે મોટા ભાગના કિસ્સાઓમાં માલિકથી કમ વર્તાવ કરતા નથી

સમાજની આપણી સરેરાશ અને સામાન્ય વ્યવસ્થા એવી છે કે દીકરી જન્મથી લઈને ૨૦ વર્ષની થાય ત્યાં સુધી તેના ઉપર પિતા અને ક્યાંક ભાઈની છત્રછાયા હોય. એક અર્થમાં તો પુરુષનું આ માલિકીપણું જન્મથી શરુ થાય. પિતા માલિકના અર્થમાં નથી છતા પિતાના પ્રેમ આગળ દીકરી પરવશ બનીને કઠ્ઠાગરી થઈને વર્તન કરે.

એકવીસ વર્ષની ઉંમરે અથવા સ્ત્રી લગ્ન કરે તે ઉંમરથી લઈને જિંદગીના બીજા વીસ વર્ષના તબક્કા માટે સ્ત્રી ઉપર ચાળીસ અથવા પિસ્તાળીસ કે પચાસ વર્ષ સુધી તેના પતિનું માલિકીપણું જાણે-અજાણે પણ હાવી થઈ જાય છે. નોકરીયાત પત્નીને પતિ મોબાઈલ કરે કયાં છું? મોબાઈલ કેમ એન્ગેજ આવતો હતો? કોનો ફોન હતો? ઓફિસથી નીકળી કે નહી? કેટલા વાગે આવીશ? આજે મોડું કેમ થયું? હું લેવા આવું? હું મૂકવા આવું? વગેરે ઉપાયો પહેલી નજરમાં તો સ્ત્રીને એમ જ લાગે કે પતિનો પ્રેમ છે. પરંતુ સુક્ષ્મ અવલોકન કરો ત્યારે આવી કેર-ટેકિંગમાં જાસુસી જ હોય છે.

ત્રીજા તબક્કાની વાત કરીએ. સ્ત્રીના જીવનના ચાળીસ-પિસ્તાળીસ-પચાસ વર્ષ પછી જો તેને સંતાનમાં દીકરો હોય તો તે દીકરો પોતાની મા ઉપર માલિકીહક્ક ભોગવવાનું શરુ કરી દે. વર્ષોની સરેરાશ સ્થિતિ બદલાતી પણ રહે. દીકરો સમજણો થાય અથવા વીસેક વર્ષનો થાય ત્યારથી પોતાની મા ઉપર માલિક તરીકે આધિપત્ય અને હુકમ ચલાવતો થઈ જાય. કેટલાક કિસ્સામાં સ્ત્રી ચાળીસ-પિસ્તાળીસ-પચાસ વર્ષની થાય ત્યાં સુધીમાં પતિ અને પુત્ર એમ બે માલિક થઈ જાય એવું પણ બનતું જોવા મળે છે. બાઝા દેખાવમાં તો એમ જ લાગે કે પતિ અને પુત્ર કેરિંગ નેચરના છે. સ્ત્રીની કેટલી બધી કાળજી રાખે છે, એવું લાગે. પરંતુ વાસ્તવમાં એવું હોતું નથી.

વાત શ્વેતાની કરીએ. ચાર સંતાનોમાં શ્વેતાને મા-બાપના ઘરે હંમેશા ઓછું આવે. છતા સગા મા-બાપનો સુક્ષ્મ ભેદભાવ જતો કરીને ભણી-ગણીને આગળ વધી. સરકારી અધિકારી તરીકે નોકરી કરતી શ્વેતાના લગ્ન અમદાવાદના કોટ વિસ્તારમાં છાપરાવાળા ઘરમાં રહેતા પરિવારના સામાન્ય યુવક યોગેશ સાથે કરવામાં આવ્યા. યોગેશ કોઈ નોકરી કરતો નહોતો. માત્ર છુટક અને પરચુરણ કામ કરતો. આમ છતા શ્વેતાએ પોતાની જિંદગી સારી રીતે પસાર થાય એવા આશયથી સામાન્ય ઘર-પરિવાર અને સાવ સામાન્ય યુવાન પતિ તરીકે પસંદ કર્યો. શ્વેતાને એમ હતું કે સામાન્ય સાસરિયાં હોય અને સાધારણ યુવક હોય તો કોઈ માથાકૂટ વિના જીવન શાંતિથી પસાર થઈ શકે.

હવે આ તરફ લગ્નના પહેલા જ દિવસથી પતિ યોગેશની નજર પત્ની શ્વેતાની સરકારી નોકરી અને સરકારી સ્કેલ પ્રમાણેના તગડા પગારના આંકડા ઉપર જ રહેલી. આજે લગ્નના વીસ વર્ષ પૂરા થયા હોવા